# કિસાન માધ્યમિક વિદ્યાલયમાં સ્વ-શિક્ષક દિનની ઉજવણી

गुरुर्ब्रह्मागुरुर्विष्णुःगुरुर्देवोमहेश्वरः।

गुरुःसाक्षात्परब्रह्मतस्मैश्रीगुरवेनमः ॥

પાંચમી સપ્ટેમ્બર એટલે "રાષ્ટ્રીય શિક્ષક દિન". મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગસ્થ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમના જન્મદિવસ એ શિક્ષકદિન તરીકે ઉજવાય છે.

કિસાન માધ્યમિક વિદ્યાલય,લુણાવાડામાં તારીખ 5 સપ્ટેમ્બર 2023 ના રોજ સ્વ-શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી . સ્વ-શિક્ષકદિને શાળાના આશરે 120 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં ભાગ લઈ શિક્ષક તરીકે વર્ગમાં શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું . સમગ્ર દિવસના શૈક્ષણિક કાર્ય બાદ વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો અને પોતે કરેલ શૈક્ષણિક કાર્યના અનુભવો અન્ય વિદ્યાર્થીઓ ને જણાવ્યા હતા. સ્વ-શિક્ષક દિને શાળામાં શ્રેષ્ઠ શિક્ષક સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર પટેલ વૈદેહી એસ 10-B, દ્વિતીય નંબર ચૌધરી સીતા વી ધોરણ 10-B, તૃતીય નંબર પટેલ વિભુ એ ધોરણ 10-B અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર ઠાકોર ઝંકાર પી 11-D , દ્વિતીય નંબર- પરમાર તીર્થ આર 11-C , તૃતીય નંબર બામણીયા જલ્પા એન 12-B એ મેળવેલ છે.

સદર પ્રવૃત્તિ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી નિરવકુમાર ત્રિવેદી અને માધ્યમિક વિભાગના શ્રીમતી જીજ્ઞાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્યશ્રી હિતેશકુમાર વાય પટેલ , શાળા મંડળના પ્રમુખ શ્રી મૌલિક કે પટેલ તેમજ સમગ્ર OKC સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.






